# WHY GHATKOPAR?



# પ્રૉપર્ટીની ખરીદી માટે ઘાટકોપરમાં કઈ ખાસ વાત છે?

## ઘાટકોપરની રિયલ એસ્ટેટ માર્કેટના અગ્રણીઓ પાસેથી જાણીએ આ સવાલનો જવાબ અને સાથે આ વિશેષ પૂર્તિમાં નજર કરીએ ઘાટકોપરના વિવિધ રિયલ્ટી પ્રોજેક્ટ્સ પર

સેન્ટ્રલ રેલવેમાં આવતું ઘાટકોપર વર્ષોથી ગુજરાતીઓનું માનીતું રહ્યું છે. ખાસ કરીને હવેલી, મંદિરો અને દેરાસરો સાથે જ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટો ઉપરાંત અનેક સખાવતી સંસ્થાઓ અને હોસ્પિટલો અહીં આવેલી છે. વળી કચ્છી અને જૈન સમાજ પણ મોટા ભાગે રહે છે. અનેકવિધ સાંસ્કૃતિક પ્રસંગો પણ અહીં યોજાતા રહે છે. ગણેશોત્સવ અને નવરાત્રિ જેવા અનેક તહેવારોની અહીં રંગેચંગે ઉજવણી થતી રહે છે. એ સિવાય નવી મુંબઈની APMC માર્કેટ ગણો કે પછી તળ મુંબઈની મસ્જિદ બંદરની કાથાબજાર, કાપડબજાર અને લોખંડબજારના અનેક વેપારીઓ રહેવા માટે ઘાટકોપરને પસંદ કરે છે ત્યારે આ ઉપરાંત એવાં કયાં કારણો છે જેને કારણે ઘાટકોપરમાં ફ્લૅટ કે ઑફિસ કે દુકાન ખરીદવાં જોઈએ એ વિશે ઘાટકોપરના રિયલ એસ્ટેટના અગ્રણીઓનું શું માનવું છે એ જાણવાનો 'મિડ-ડે'એ પ્રયાસ કર્યો.

### ઘાટકોપર સેન્ટ્રલ સબર્બ્સનું કેન્દ્રબિંદુ : પરાગ શાહ, મન ઇન્ફ્રા કન્સ્ટ્રક્શન લિમિટેડ અને વિધાનસભ્ય

ઘાટકોપર હંમેશાં એક સુખી અને સમૃદ્ધ સબર્બ રહ્યું છે. ગુજરાતીઓનું ઘાટકોપર જાણે મોસાળ ગણાય છે. જે લોકો ઘાટકોપરમાં વસ્યા છે તેમણે જનરલી પ્રગતિ જ કરી છે. મંદિર, દેરાસરો અને ધાર્મિક સ્થળોને કારણે ઘાટકોપરના લોકોમાં પ્રેમનું વાતાવરણ રહ્યું છે. છેલ્લાં પાંચ વર્ષથી દરેક ડેવલપર ઘાટકોપરને પહેલો પ્રેફરન્સ આપે છે. ઘાટકોપર ભૌગોલિક દૃષ્ટિએ સેન્ટ્રલ સબર્બ્સનું કેન્દ્ર બિંદુ રહેલું છે. ઘાટકોપરથી ઇન્ટરનૅશનલ એરપોર્ટ, નવું બની રહેલું પનવેલ એરપોર્ટ, ફ્રીવેની એક્સેસિબિલિટી, બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સનો લિન્ક રોડ, થાણા એમ દરેક જગ્યાએ ૩૦ મિનિટમાં પહોંચી શકાય છે. મુંબઈમાં ભવિષ્યમાં મેટ્રો ટ્રાન્સપોર્ટ ફેસિલિટી મુખ્ય બની રહેશે. ઘાટકોપર દરેક મેટ્રો સાથે જોડાયેલું છે. આ બધાં કારણોસર ઘાટકોપર શાંતિપ્રિય અને સમૃદ્ધ લોકો માટે હબ તરીકે રહેશે.

### ઘાટકોપર મુંબઈનું હાર્ટ છે : જિજ્ઞેશ ખિલાણી, અલગ ગ્રુપ

ઘાટકોપર મુંબઈની મધ્યમાં આવેલું છે એટલે એ મુંબઈનું હાર્ટ છે. ઘાટકોપરથી મુંબઈ, થાણે, નવી મુંબઈ, વેસ્ટર્ન લાઇનમાં, ઍરપોર્ટ એમ બધે જ જવા કનેક્ટિવિટી છે. મેટ્રો રેલ, મોનો રેલ, ઈસ્ટર્ન ફ્રીવે, જોગેશ્વરી-વિક્રોલી લિન્ક રોડ, BKC, સાંતાક્રુઝ-ચેમ્બુર લિન્ક રોડ એમ દરેક દિશામાં જવા કનેક્ટિવિટી છે. આમ ઘાટકોપર બધા સાથે કનેક્ટેડ છે. મુંબઈના કોઈ પણ ખૂણામાં ઘાટકોપરથી ૩૦થી ૪૦ મિનિટમાં પહોંચી શકાય છે. આવનારા દિવસોમાં આ કનેક્ટિવિટી હજી વધવાની છે. ઘાટકોપરથી ઘોડબંદરના કાસરવડવલી સુધી મેટ્રો દોડવાની છે. એ પાછી બોરીવલી સાથે કનેક્ટ થશે. એથી અહીંથી વેસ્ટર્નમાં બોરીવલી પણ સરળતાથી પહોંચી શકાશે. અનેક સામાજિક સંસ્થાઓ ઘાટકોપરમાં આવેલી છે. બધા તહેવારોની ધામધૂમથી સાથે મળીને ઘાટકોપરમાં ઉજવણી થાય છે. છેલ્લા થોડા સમયમાં ઘાટકોપરમાં જેટલું રેસિડેન્શ્યલ બન્યું છે એના કરતાં કમર્શિયલ ઓછું બન્યું છે એટલે આવનારા દિવસોમાં જેટલા પણ કમર્શિયલ પ્રોજેક્ટ્સ આવશે એને સારો પ્રતિસાદ મળશે.

### રહેવા, ઇન્વેસ્ટ કરવા માટેનું પસંદગીનું લોકેશન : ઉમંગ કુવડિયા, જૉઇન્ટ એમ.ડી., હૅપી હોમ ગ્રુપ

ઘાટકોપરની સૌથી ખાસ વાત એ છે કે એ SCLR અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી ખૂબ સારી રીતે કનેક્ટેડ છે તેમ જ એ ઈસ્ટર્ન હાઇવેથી પણ ખૂબ નજીક છે. મેટ્રોની કનેક્ટિવિટીને લીધે વર્સોવા તેમ જ બીજાં વેસ્ટર્ન સબર્બ્સ સાથે પણ એ સારી રીતે જોડાઈ ગયું છે. ઘાટકોપરનો બીજો ફાયદો એટલે અહીં સારામાં સારી શૈક્ષણિક સંસ્થાઓ, લોકાલિટી અને ગુજરાતી, કચ્છી તેમ જ મારવાડી કમ્યુનિટીનો વસવાટ છે જેને લીધે આજે ઘાટકોપર ખૂબ જ પ્રોમિનન્ટ રેસિડેન્શિયલ ચૉઇસ બની ગઈ છે. એ સિવાય જોલી જિમખાના, આર સિટી મૉલ, થિયેટર્સ વગેરેની હાજરીથી આ એક એન્ટરટેઇનમેન્ટ ઝોન બની ગયું છે. આસપાસ પાર્ક્સ હોવાને લીધે હરિયાળી અને ચોખ્ખું વાતાવરણ મળે છે. વધુમાં છેલ્લાં ૩થી ૪ વર્ષમાં ઘાટકોપરે ૪૦ ટકા જેટલું રિટર્ન ઑફ ઇન્વેસ્ટમેન્ટ આપ્યું છે જેને લીધે આ ઈસ્ટર્ન સબર્બ આજે રહેવા માટે તેમ જ ઇન્વેસ્ટ કરવા માટે સમગ્ર મુંબઈની પસંદગીનું લોકેશન બની ગયું છે.

### રોકાણકારો માટેની સમજદાર પસંદગી : જેઠાલાલ દેઢિયા, રાજશ્રી ગ્રુપ

ઘાટકોપર ગુજરાતીઓ માટે એક સમૃદ્ધ કેન્દ્ર તરીકે મજબૂત રીતે સ્થાપિત થયું છે, જે એને મિલકત-રોકાણ માટે એક આદર્શ સ્થળ બનાવે છે. બે મેટ્રોલાઇન સહિત ઉત્તમ કનેક્ટિવિટી અને મુંબઈના મુખ્ય ભાગો સુધી સરળ પહોંચવાની સાથે આ વિસ્તાર જબરદસ્ત વિકાસ માટે તૈયાર છે. વર્તમાન મિલકતના ભાવ હજી પણ પોસાય એવા છે, પરંતુ ભવિષ્યમાં માળખાગત વિકાસ અને વધતી માગ સાથે મૂલ્યમાં નોંધપાત્ર વધારો ટૂંક સમયમાં આવશે. જેમ-જેમ આ વિસ્તાર વધુ સારી કનેક્ટિવિટી, અપગ્રેડેડ સુવિધાઓ તેમ જ રેસિડેન્શિયલ અને કમર્શિયલ જગ્યાઓની વધતી માગ સાથે વિકસિત થઈ રહ્યો છે તેમ-તેમ ઘાટકોપર મુંબઈની ભવિષ્યમાં રોકાણ કરવા માગતી કોઈ પણ વ્યક્તિ માટે એક સમજદાર પસંદગી બની રહ્યું છે.


પરાગ શાહ


જિજ્ઞેશ ખિલાણી


ઉમંગ કુવડિયા


જેઠાલાલ દેઢિયા

# રોજિંદા જીવનને આનંદમય બનાવો

**ઘાટકોપર-ઈસ્ટ, હિંગવાલા લેન જેવી મોકાની જગ્યાએ અલગ ગ્રુપ તમારે માટે ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ ૧૪ માળના લક્ઝુરિયસ ટાવરનો ઉપહાર લઈને આવ્યું છે**





A PROJECT BY

ALAG GROUP

SPACES. THAT STAND OUT

A JIGNESH KHILANI VENTURE

AUM ALAG DEVELOPER

AUM LAXMINARAYAN

LUXURY LIFESTYLE AT ITS BEST!





ઘાટકોપર એટલે મુંબઈના શ્રેષ્ઠ, ઝડપથી વિકસતા અને ઓલઓવર મુંબઈથી કનેક્ટેડ ઉપનગરોમાંનું એક. નવા રહેણાક વિસ્તારો, વ્યાવસાયિક વિસ્તારો, શાનદાર મનોરંજન અને જીવનશૈલી તેમ જ સુવિધાઓનું સંયોજન એટલે ઘાટકોપર ઉપનગર. આ બધી જ ખાસિયતોના સંયોજને એને આપણા શહેરના સૌથી લોકપ્રિય ઉપનગરોમાંનું એક બનાવ્યું છે. આ ઉપનગર શહેરનું એપિસેન્ટર છે. તમે આખા શહેરમાં જ્યાં પણ હો, ઘાટકોપર એ દરેક જગ્યાએથી ઈઝીલી એક્સેસેબલ છે. એ આખા શહેરમાંથી ઉચ્ચતમ માળખાગત સુવિધાઓને પ્રીમિયમ જીવનશૈલી ઝોન સાથે જોડે છે. એ એક એવી જગ્યા છે જ્યાં પરંપરા અને આધુનિકતા બન્ને સાથે અસ્તિત્વ ધરાવે છે અને જ્યાં આનંદને ધામા નાખવા યોગ્ય સ્થાન મળે છે એવા આ ઘાટકોપરમાં 'અલગ ગ્રુપ' તમારે માટે તમારા ડ્રીમ હોમ લઈને આવ્યું છે.

## ઉત્તમ ગુણવત્તાનું બીજું નામ એટલે 'અલગ ગ્રુપ'

ઘાટકોપર-ઈસ્ટ, હિંગવાલા લેન જેવી મોકાની જગ્યાએ 'અલગ ગ્રુપ' તમારે માટે ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ ૧૪ માળના લક્ઝુરિયસ ટાવરનો ઉપહાર લઈને આવ્યું છે. આ ટાવરમાં ટૂ બેડરૂમ અને થ્રી બેડરૂમ હૉલ કિચનના લક્ઝુરિયસ ફ્લેટ ઉપલબ્ધ છે. સાથે ટૂ બેડરૂમ હૉલ-કિચનની જોડી પણ ઉપલબ્ધ છે. આ બધા જ ફ્લેટ બાલ્કનીવાળા છે. મુંબઈ જેવા શહેરમાં આજકાલ જ્યારે બાલ્કની જેવી જાહોજલાલી કહી શકાય એવી સુવિધા મળવી લગભગ અશક્ય બની ગયું છે ત્યારે 'અલગ ગ્રુપ' બાલ્કનીવાળા ફ્લેટ્સ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. હિંગવાલા લેનમાં બની રહેલા આ ટાવરથી જીરાવાલા પાર્શ્વનાથ દેરાસર તેમ જ હિંગવાલા ઉપાશ્રય સાવ નજીક છે. વળી આ ટાવર ઘાટકોપર સ્ટેશનની બિલકુલ બાજુમાં છે. ટાવરમાં રહેવાસીઓ માટે પોડિયમ પાર્કિંગની વ્યવસ્થા છે. ટાવરમાં ડબલ હાઈટનું લાંબું અને ગ્રેન્ડ એન્ટ્રન્સ આપવામાં આવ્યું છે. એ ઉપરાંત યોગ કરવા માટે ખાસ જગ્યા અને વેલ ઈક્વિપ્ડ મોડર્ન જિમ્નેશ્યમની સુવિધા પણ આપવામાં આવી છે. તમને શૉપિંગ કરવાનો શોખ છે તો એ માટે પણ તમારે દૂર નહીં જવું પડે. લક્ઝરી બિયોન્ડ બાઉન્ડરીઝનો અનુભવ લેવો હોય તો 'અલગ ગ્રુપ'ના આ ટાવરમાં ઘર લેવું. આ ટાવરનું કામ જોરશોરથી ચાલુ છે અને ૨૦૨૬માં બનીને તૈયાર થઈ જશે એવો નિર્ધાર છે. 'અલગ ગ્રુપ'ની ૨૦૨૬માં પર્ચેઝરને પોતાના ઘરનું પઝેશન આપવાની નેમ છે. 'અલગ ગ્રુપ' આ ટાવરમાં તમને ઉત્તમ ક્વૉલિટીનાં રહેણાક એટલે કે ઘર ઉપલબ્ધ કરાવવાની બાંયધારી આપે છે જે લક્ઝરી લિવિંગની વ્યાખ્યાને એક સ્ટેપ ઉપર લઈ જશે એવી અમને ખાતરી છે.